# મિલ્કતવેરો એડવાન્સ ભરનારાઓ માટે ખાસ વળતર યોજના આજથી અમલી

## ગત વર્ષે ૧૦ કરોડની આવક એડવાન્સ ટેક્સ પેટે થઈ હતી, આ વર્ષે ૧૫ કરોડ જેટલી આવક થવાનો અંદાજ રાખતુ તંત્ર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજથી ૧ મહિના માટે એડવાન્સ ટેક્સ ભરનારાઓને ૧૦ ટકા વિશેષ વળતર યોજનાનો લાભ થશે. આ એડવાન્સ કરદાતા જો ઓનલાઈન પેમેન્ટ કરશે તો વધારાના બે ટકા પણ મનપા દ્વારા વળતર આપવામાં આવશે.

એડવાન્સ ટેકસમાં વળતર આપવાની યોજનાને લોકો દ્વારા સારો પ્રતિસાદ મળતો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. ગત નાણાંકીય વર્ષમાં રૂ. ૧૦ કરોડ જેટલી વસુલાત તો એડવાન્સ ટેક્સ ભરનારાઓ દ્વારા થઈ હતી.

મનપા દ્વારા આ વખતે પણ આ યોજના યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. આનાથી આ વર્ષે ૧૫ કરોડ જેટલી આવક થશે તેવુ અનુમાન છે.

દરમ્યાન આ નવા નાણાંકીય વર્ષનો આરંભ નવી વેરા નીતિના અમલ સાથે થઈ રહ્યો છે. પરંતુ મિલ્કતધારક જુનુ બિલ લઈ આવશે તો પણ તેને રાહત એડવાન્સ પેમેન્ટમાં રાહત આપવામાં આવશે. ૩૧મે સુધી આ યોજના અમલી રહેશે.

મનપા દ્વારા આગામી સપ્તાહના અંત સુધીમાં નવા વેરાના આધારે તૈયાર થયેલા બિલોનું વિતરણ શરૂ કરી દેવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર મનપા હસ્તક હાલ જે સફાઈની સેવા છે તેમાં વધારો થવાના સંકેતો સાથે મનપાએ તેની સેવાઓના સઘનીકરણ માટેનો રોડમેપ પણ તૈયાર કરી દીધો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# શહેરમાં મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો નજીવો ઘટાડો

## લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એકસરખો ફેરફાર સપ્તાહના અંતે ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી નીચે ઉતર્યો

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીના ઉગ્ર મિજજથી જનજીવન પ્રભાવિત છે. સેકટરવાસીઓ ગરમીથી ત્રાહીમામ પોકરી ગયા છે. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૧ ડી ગ્રીએ સ્થિર રહયા બાદ આજે અચાનક જ ગરમીનો પારો ગગડયો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં દોઢ ડી ગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. સપ્તાહના અંતે મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીથી નીચે ગયુ હતુ. ગરમીનો પારો ૩૯.૫ ડી ગ્રી પહોંચતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.



શહેરમાં ઉનાળાના પ્રારંભે જ ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનો ગરમીથી બેબાકળા બન્યા છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૦ ડી ગ્રીની ઉપર રહેતા શહેરમાં આક્રમક હીટવેવની અસર વચ્ચે નગરજનો ગરમીથી બચવા કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. ગરમીનો મિજાજ એકધારો જળવાયેલો રહેતા સતત હીટવેવના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત જોવા મળ્યુ હતુ. જયારે સરકારી કચેરીઓમાં સપ્તાહ દરમિયાન વિશેષ રજાઓ હોવાના લીધે નગરના શોપિંગ બજારોમાં તેમજ માર્ગો પર સુનકારનો માહોલ જોવા મળ્યો હતો. જયારે આજે ગરમીનુ પ્રમાણ નોંધપાત્ર ઘટતા નાગરિકોએ રાહત અનુભવી હતી. ગરમીનો પારો ૧.૫ ડી ગ્રીના ઘટાડા સાથે ૩૯.૫ ડી ગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ દોઢ ડી ગ્રી ઉંચુ આવતા રાત્રિના સમયે ગરમીનુ

● અનુસંધાન પાન-૭ પર



ગરમીમાં રાહત - અબોલ પશુ-પક્ષીઓને આકરી ગરમીમાં રાહત આપવા એરકુલર અને પાણીના છંટકાવની વિશિષ્ટ વ્યવસ્થા કરાઈ રહી છે... ઈન્દ્રોડા પાર્ક હોય કે કાંકરીયા પ્રાણી સંગ્રહાલય હોય, તમામ સ્થાનો પર પ્રાણી-પક્ષીઓને ગરમીથી બચાવવાના ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે...

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીની ટાંકી અને સંપ નિર્માણનું કામ આરંભાયુ

## ગરમીના દિવસો હજુ પણ ગ્રામજનો માટે આકરા બે મહીનામાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ થશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા અગાઉ પાણીના નવા બોર બનાવાયા છે. જયારે લાંબા સમયના અંતે પાણીના બોર શરૂ કરી દેવાયા છે. પરંતુ આ ગામોમાં હજુ પાણીની ટાંકી તેમજ સંપ બનાવાની કામગીરી બાકી છે. આકરી ગરમીના દિવસોમાં ટાંકી તેમજ સંપ બનાવાનુ કામ હાથ ધરાયુ છે. પાલજ , બાસણ અને બોરીજ ગામમાં ટાંકી તેમજ સંપ બનાવવા પાછળ રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે આ ઉનાળો શહેરી ગામો માટે હજુ પણ આકરો સાબિત થશે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનુ કામ પુર્ણ થતા હજુ બે મહીનાનો સમય લાગશે.

ગાંધીનગર શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. દાયકાઓ જુની પાણીની સાંકડી લાઇનના લીધે સેકટરોમાં ફોર્સથી પાણી ન પહોંચતુ હોવાનુ ફરિયાદો સાથે લીકેજીસની સમસ્યાઓ પણ ઉદભવે છે. જો કે આ મામલે પણ સેકટરોમાં સર્વેની કામગીરી પુર્ણ કરી દેવાઈ હોવાનુ સુત્રોએ જણાવ્યુ છે. પરંતુ શહેરી વિસ્તારના ગામોમાં પણ પાણીની પોકાર ઉઠી છે. છેલ્લા ઘણાં વર્ષોથી શહેરી ગામોમાં પાણી, રસ્તા અને ગટર સહીતની સુવિધાઓ અપગ્રેડ કરવા તેમજ ઉભી કરવા માટે પ્રબળ માંગ ઉઠતી રહી છે. જો કે પાણીના પ્રશ્નને ડામવા માટે તંત્ર દ્વારા થોડા સમય અગાઉ નવા બોર બનાવાયા હતા. જયારે આ બોર શરૂ કરવામાં પણ વિલંબ થતા પાણીના સપ્લાયની વ્યવસ્થામાં ઝડપી સુધાર લાવી શકાયો ન હતો. જો કે હાલ આ ગામોમાં નવા બોર શરૂ કરી દેવાયા છે. જયારે શહેરી વિસ્તારના ગામો પૈકી પાલજ , બાસણ અને બોરીજમાં નવી ટાંકી

● અનુસંધાન પાન-૭ પર

# પ્રદેશ ભાજપની પ્રભારીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ

## ગુજરાતની રાજકીય સ્થિતિ, સંગઠનની સ્થિતિ, મંત્રીમંડળ અને બોર્ડ નિગમોમાં નિમણૂંક સહિતના મામલે ચર્ચા કરાઇ

ગાંધીનગર,તા. ૧

ભાજપના ગુજરાતના પ્રભારી ભુપેન્દ્ર યાદવ હાલ ગુજરાતની મુલાકાતે છે ત્યારે આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નિવાસસ્થાને દિગ્ગજ નેતાઓની એક મહત્વની બેઠક યોજાઇ હતી, જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, સંગઠનના અગ્રણી નેતા ભીખુ દલસાણિયા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. બેઠકમાં ઘણી મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. ભાજપના ગુજરાત પ્રભારી ભુપેન્દ્ર યાદવ આજથી ત્રણ દિવસ સુધી ગુજરાત રાજયની મુલાકાતે છે, કેટલાક મહત્વના નિર્ણયો અને આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઇ ખાસ વ્યૂહરચનાના ભાગરૂપે તેઓ અહીં આવ્યા છે. જેમાં આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નિવાસસ્થાને ગુજરાત ભાજપના અગ્રણી નેતાઓ અને આગેવાનો સાથે ભુપેન્દ્ર યાદવે એક મહત્વની બેઠક યોજી હતી. જેમાં ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, સંગઠનની સ્થિતિ, મંત્રીમંડળ અને બોર્ડ નિગમોમાં નિમણૂંક સહિતના મુદ્દાઓ પર મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. તો, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઇ પક્ષની સ્થિતિ અને આયોજન મુદ્દે ચર્ચા હાથ ધરાઇ હતી. લોકસભાની ચૂંટણીને લઇ ભાજપની સ્થિતિ મજબૂત કરવા અને તેમાં વિજયપતાકા લહેરાય તે પ્રકારે રણનીતિ ગોઠવવા સંબંધી કેટલાક મહત્વના સૂચનો તેમણે કર્યા હતા.

# ગુજરાત બનાવટી નોટ પકડવામાં દેશમાં પ્રથમ

## ૨.૩૧ કરોડની બનાવટી નોટ જપ્ત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧

નોટબંધીના ગાળા બાદ પ્રથમ વર્ષમાં બનાવટી નોટ કબજે કરવાના મામલામાં ગુજરાત દેશમાં સૌથી આગળ હોવાની વિગત સપાટી ઉપર આવી છે. જાન્યુઆરી ૨૦૧૭થી લઈને ફેબ્રુઆરી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં મોટી માત્રામાં બનાવટી નોટ કબજે કરવામાં આવી છે. આ મામલામાં ગુજરાત દેશમાં પ્રથમ છે. જાન્યુઆરી ૨૦૧૭થી ફેબ્રુઆરી ૨૦૧૮ વચ્ચેના ગાળામાં ગુજરાતમાં ૨.૩૧ કરોડની બનાવટી નવી નોટો કબજે કરવામાં આવી ચુકી છે. જ્યારે દેશભરમાં ૬.૭૭ કરોડની કુલ જપ્ત કરવામાં આવેલી બગસ નોટની સામે ગુજરાતમાં આ આંકડો ૨.૩૧ કરોડનો રહ્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે હાલમાં જ આ અંગેના અહેવાલ પ્રકાશિત કર્યા હતા. આ યાદીમાં મિઝોરમ ૧.૨૩ કરોડની બનાવટી નોટ જપ્ત કરવાની સાથે બીજા ક્રમે છે. દેશમાં બનાવટી નોટો કબજે કરવાને લઈને મોટાપાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના કહેવા મુજબ ૧૧૬૯૨૦૦૦ની કિંમતની ૫૦૦ રૂપિયાના દરની ૫૮૪૬ નોટ જપ્ત કરવામાં આવી છે જ્યારે ૧૧૪૧૧૬૦૦૦ની કિંમતની ૨૦૦૦ના દરની ૨૨૮૩૨ નોટ ગુજરાતમાંથી જપ્ત કરવામાં આવી ચુકી છે. ભારતના આંકડાની વાત કરવામાં આવે તો ૫૧૧૩૬૦૦૦ની કિંમતની ૫૦૦ના દરની ૨૫૫૬૮ નોટ જપ્ત કરવામાં આવી ચુકી છે. આવી જ રીતે ૧૬૬૫૨૦૦૦ની કિંમતની ૨૦૦૦ની ૩૩૩૦૪ નોટ જપ્ત કરવામાં આવી છે. ગુજરાતમાં ટોચના અધિકારીઓનું કહેવું છે કે, સમૃદ્ધ રાજ્યમાં બનાવટી નોટ જપ્ત કરવાને લઈને આંકડા ખુબ જ આશાસ્પદ રહ્યા છે.

# આજે જિલ્લા કોંગ્રેસ સમિતિની ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોની એક તાકીદની બેઠક આજે જિલ્લા પંચાયત ખાતે બોલાવવામાં આવી હોવાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, સંગઠ્ઠનની વિવિધ પાંખોના વડા તેમજ જિલ્લા સંકલન સમિતિના હોદ્દેદારો અને આમંત્રિતોને હાજર રહેવા જણાવાયુ છે.

આ બેઠકમાં ૪થી એપ્રિલના રોજ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકે નવા નિયુક્ત થયેલ પ્રમુખ અમિત ચાવડા ચાર્જ લેવાના છે તે કાર્યક્રમમાં ભાગ લેવા ઉપરાંત પંચાયતના બજેટમાં વિકાસલક્ષી કાર્યક્રમોની સમજ આપી લોકસંપર્ક અભિયાનને વેગીલુ બનાવવાની રણનીતિ પર ખાસ ચર્ચા-વિચારણા કરાશે તેમ જાણવા મળેલ છે.

# આજે ૧૨ ગામના ગ્રામજનોની આત્મવિલોપનની ચીમકી

## ૧૨ ગામોની જમીન સંપાદન કરવાને લઇ વિવાદ : સરકારના દમન સામે હજારો ખેડૂતો, મહિલાઓ સહિતના ગ્રામજનોના ઉગ્ર દેખાવો : ટીયરગેસના ઘણા શેલ છોડાયા

અમદાવાદ,તા. ૧

લિગ્નાઇટનો જથ્થો મેળવવાની લ્હાયમાં ગુજરાત સરકાર અને ગુજરાત પેટ્રોકેમીકલ્સ દ્વારા ભાવનગર જિલ્લાના બાડી અને આસપાસના ૧૨ ગામોમાં બળજબરીપૂર્વક જમીન સંપાદનના પ્રયાસોના આખરે ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. હજારો ખેડૂતોએ આજે સરકારની બળજબરી અને તંત્રના દમન સામે ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો અને વાત એટલી હદે વણસી હતી કે, પોલીસને એક તબક્કે ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. જો કે, સ્થાનિક ખેડૂતો સહિતના હજારો ગ્રામજનો સરકાર કે તંત્ર સામે નમતુ જોખવાના મુડમાં નથી અને આવતીકાલે ભાવનગર જિલ્લાના ઘોઘા પાસેના ૧૨ ગામોના લોકો દ્વારા આવતીકાલે સામૂહિક આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવતાં ગુજરાત સરકાર, સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર ફફડી ઉઠયા છે. ૧૨ ગામોના લોકોએ એકસાથે જાહેરમાં આત્મવિલોપન કરવાની ચીમકી આપી હોય તેવી આ સૌપ્રથમ ઘટના છે અને તેથી સરકારની ઉંઘ હરામ થઇ ગઇ છે. ભાવનગર જિલ્લાની બે મોટી ઘટનાઓ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સમાચાર માધ્યમોનું કેન્દ્ર બની છે. એક તરફ ઉમરાળા તાલુકાના ટીંબી ગામે થયેલી દલિત યુવાનની હત્યાને કારણે વિવાદ જોરશોરથી ચગ્યો છે, ત્યારે બીજી તરફ ઘોઘા તાલુકાના બાડી અને તેની આજુબાજુના ૧૨ ગામોની જમીનનો કબજો મેળવવા કરાઇ રહેલા પ્રયાસો સામે સંઘર્ષે ચડેલા ખેડૂતો આજે ઉશ્કેરાતા પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ થતા અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું છે. ૧૦ હજારથી વધુ લોકોમાં મહિલાઓ બેકાબૂ બનતા પોલીસને એક તબક્કે ટીયર ગેસના સેલ છોડવાની ફરજ પડી હકતી. લોકોના ટોળાને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કરતા સ્થિતિ વધુ વણસી હતી. તંત્ર દ્વારા ઘટનાસ્થળે પાંચ હજારથી વધુ પોલીસ કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આજના દેખાવોમાં મહિલાઓ બહુ ઉગ્ર બની હતી અને પોલીસ માટે તેમને કાબૂમાં લેવાનું ભારે પડી ગયું હતુ. એક તબક્કે મહિલાઓનું ટોળુ વિફરતા પોલીસ માટે પરિસ્થિતિ બેકાબૂ બનતાં આખરે ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા હતા, જેમાં એક મહિલા બેભાન બની હોવાનું જાણવા મળ્યું છે. તો, ત્રણ ગ્રામજનોને ઈજા પણ પહોંચી હતી. આજના વિરોધ-દેખાવો કાર્યક્રમ દરમ્યાન પોલીસ દ્વારા ૫૦થી વધુ મહિલાઓ સહિત ખેડૂતોની અટકાયત પણ કરવામાં આવી છે. લાઠીચાર્જને લઈને ખેડૂતો વધુ રોષે ભરાયા હતા. તો, કેટલીક મહિલાઓ સાથે પોલીસની ગેરવર્તણૂંક અને અણછાજતા વર્તનને લઈને પણ પરિસ્થિતિ વણસી હતી.

હવે આવતીકાલે ૧૨ ગામોના ગ્રામજનોની સામૂહિક આત્મવિલોપનની ચીમકીને લઈ સમગ્ર ભાવનગર પંથકમાં પાંચ હજારથી વધુ પોલીસ, એસઆરપી સહિતના સુરક્ષા જવાનોનો કાફલો તૈનાત કરી દેવાયો છે.

infocity Club & Resort

SUMMER CAMP

HURRY UP!!

Starts 1st May,2018

TENNIS GYM SWIMMING CRICKET

Following are the rates for summer camp - 30 days, starting from 1st May 2018 :-

1. Swimming:- Rs 2000/ + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm

2. GYM :- Rs 1500 + 18% GST
Age : 10 years to 16 years
Evening:- 5:30 pm – 7:00 pm

3. Lawn Tennis:- Rs 1500 + 18% GST
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm

4. Cricket:- Rs 1500 + 18% GST
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm

* Limited Batches
* Flexible Timing

If any parents/guardian would like to continue with the activities after the summer Camp, then they need to buy the membership of the club.

TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES

CALL : +91 99099 06372

Infocity Club & Resort, CH-0 Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382 009.
www.infocityclub.net

" SAY NO TO TOBACCO "

* Terms & Conditions Apply

જગ્યા ભાડે આપવાની છે

ઈન્ફોસીટી સુપર મોલ-૧, ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં, આશરે ૨૩૩ ચો. ફુટ

મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BRIDGESTONE CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

હવે, શહેરની મધ્યમાં...

The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at

bansari TRADITIONAL

ભાતીગળ ભોજનનો આસ્વાદ (A.C Restaurant)

MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT

Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જગ્યા ભાડે આપવાની છે

પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે, ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)

મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com